# વિકસત

**વિક્રમ સારાભાઇ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઇન્ટરેક્શન**

**નેહરૂ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ, થલતેજ ટેકરો, અમદાવાદ – ૩૮૦ ૦૫૪**
**ફોન : ૦૭૯–૨૬૮૫ ૬૨૨૦, ૨૬૮૪ ૪૯૧૬**
**ટેલિફેક્સ: ૦૭૯–૨૬૮૫ ૨૩૬૦**

E-mail: viksat.neac@gmail.com
Web: www.viksat.org

## "ટકાઉ આજીવિકા માટે વનો"

**દરખાસ્ત સાથે જોડવાના નીચેના ત્રણેય ડૉક્યુમેન્ટને રાજપત્રિત અધિકારી પાસે પ્રમાણિત (ટ્રુકોપી) કરાવીને જ જોડવા**
**૧. નોંધણીનું પ્રમાણપત્ર ૨. છેલ્લા ત્રણ વર્ષના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ઑડિટ કરેલા હિસાબો ૩. ટ્રસ્ટ ડીડ / મેમોરેન્ડમ ઓફ એસોસિએશન**

ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય, નવી દિલ્હી દ્વારા રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાનનું ૧૯૮૬થી દર વર્ષે આયોજન કરવામાં આવી રહ્યું છે. **૨૦૧૧-૨૦૧૨** ના વર્ષ માટે **"ટકાઉ આજીવિકા માટે વનો"** વિષયને કેન્દ્રમાં રાખીને પર્યાવરણ જાગૃતિ અભિયાનના કાર્યક્રમો કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય, નવી દિલ્હી દ્વારા ગુજરાત રાજ્ય તથા કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ અને દમણ માટે રીજીયોનલ રીસોર્સ એજન્સી તરીકે વિકસત, અમદાવાદની નિમણુંક કરી છે.

***આ પત્ર સાથે રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન અંગેની માર્ગદર્શક નોંધ તથા કાર્યક્રમ માટે દરખાસ્ત કરવાનું ફોર્મ સામેલ છે.***

માર્ગદર્શક નોંધ અને દરખાસ્તનું ફોર્મ ધ્યાનથી વાંચીને આપની દરખાસ્ત સંપૂર્ણ રીતે તૈયાર કરવા વિનંતી છે. **દરખાસ્તના ફોર્મમાં ડાબી બાજુના દરેક પાના પર દરખાસ્તની દરેક કોલમમાં શું લખવું તે માટેનું માર્ગદર્શન આપેલું છે. દરખાસ્તની સાથે આપની સંસ્થાની નોંધણીનું પ્રમાણપત્ર, ટ્રસ્ટ ડીડ / મેમોરેન્ડમ ઓફ એસોસિએશન તથા છેલ્લા ત્રણ વર્ષના ઓડીટેડ એકાઉન્ટસ સ્ટેટમેન્ટ્સ મોકલવા જરૂરી છે. બધા જ દસ્તાવેજોની ફોટો કોપીને સક્ષમ અધિકારી પાસે પ્રમાણિત કરાવવી જરુરી છે.** આપની સંસ્થાએ આ પહેલાં રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાનમાં ભાગ લીધો હોય તો તે બધા જ વર્ષના નાણા વપરાશના પ્રમાણપત્રોની નકલ દરખાસ્તની સાથે બીડવી જરૂરી છે.

**દરખાસ્ત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૧ છે.**

**જે સંસ્થાની દરખાસ્ત મંજુર થાય તેમણે ૩૦ નવેમ્બર, ૨૦૧૧ થી ૨૯ ફેબ્રુઆરી, ૨૦૧૨ દરમ્યાન આ કાર્યક્રમ પૂરો કરવાનો રહેશે.**

પ્રોજેક્ટની દરખાસ્ત તૈયાર કરવામાં કઈ મુશ્કેલી લાગે તો, જરૂરી દસ્તાવેજો તથા શું પ્રવૃત્તિ કરવા ઈચ્છો છો તે અંગેનો સંપૂર્ણ વિચાર કરીને તમારી સંસ્થા જે જિલ્લામાં આવી હોય તેને આધારે **પરિશિષ્ટ-૩** માં જણાવેલ **સરનામા ઉપર જણાવેલ તારીખ અને સમય દરમિયાન** રૂબરૂમાં સ્વખર્ચે સંપર્ક કરવો. જેથી પ્રાયોજના દરખાસ્ત તૈયાર કરવામાં આપને માર્ગદર્શન આપી શકાય. દરખાસ્ત માટે માત્ર માર્ગદર્શન આપવામાં આવશે, દરખાસ્તમાં ભરવાની વિગતો જે તે સંસ્થાના પ્રતિનિધિએ પોતે ભરવાની રહેશે. જરૂરી દસ્તાવેજો સાથે લાવવાથી ફોર્મ ભરીને જે તે સ્થળે આપી પણ શકાશે.

**રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન કાર્યક્રમ માટેની વધુ માહિતી માટે રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાનની માર્ગદર્શિકા (પરિશિષ્ટ-૨) જુઓ**

આ દરખાસ્ત ફોર્મની જો કોઈ અન્યને જરૂર પડે તો વિકસતની વેબસાઈટ ઉપરથી મેળવી શકાશે તથા આ ફોર્મની ફોટો કોપી (ઝેરોક્ષ) કરીને પણ ઉપયોગમાં લઈ શકાશે.

# પરિશિષ્ટ-૩

| ક્રમ | કાર્યશાળાનું સ્થળ | જિલ્લાઓ | કાર્યશાળાની તારીખ / સમય |
|---|---|---|---|
| ૧) | વિકસત, C/o ડાંગ સ્વરાજ આશ્રમ, આહવા,<br>જિ. ડાંગ-૩૯૪ ૭૧૦<br>ફોન નં. (૦૨૬૩૧) ૨૨૦૧૫૦, ૨૨૧૦૮૩ | નવસારી, ડાંગ,<br>વલસાડ | ૨-૯-૨૦૧૧<br>૧૧ થી ૨ |
| ૨) | વિકસત, C/o સર્કીટ હાઉસ,<br>કોન્ફરન્સ હોલ, નાની દમણ - ૩૯૬૨૧૦<br>ફોન નં.૨૬૮૫૬૨૨૦, ૨૬૮૪૪૯૧૬ | દમણ | ૩-૯-૨૦૧૧<br>૯ થી ૧૨ |
| ૩) | વિકસત, C/o જિલ્લા કોમ્યુનિટિ વિજ્ઞાન કેન્દ્ર<br>વિજ્ઞાન ભવન, ભારતીમૈયા વિદ્યા સંકુલ<br>વેસુરોડ, બીગબઝારની પાછળ, વૃધ્ધાશ્રમની સામે<br>સુરત-૩૯૫ ૦૦૭<br>ફોન નં. ૦૨૬૧- ૨૨૫૫૬૦૦ | ભરૂચ, સુરત, નર્મદા, તાપી | ૩-૯-૨૦૧૧<br>૩-૩૦ થી ૫-૩૦ |
| ૪) | વિકસત ક્ષેત્રિય કાર્યાલય<br>C/o મારગ સંસ્થા IGP બંગલો, નેશનલ હાઈવે - ૮અ,<br>ભવાની હોટેલ સામે, મુ: ચોટીલા, જિ. સુરેન્દ્રનગર<br>ફોન નં. ૦૨૭૫૧ - ૨૮૧૨૯૯ | સુરેન્દ્રનગર | ૫-૯-૨૦૧૧<br>૯-૩૦ થી ૧૨ |
| ૫) | સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ,<br>દરબાર ગોપાલદાસ સ્મારક ભવન, રાષ્ટ્રીય શાળા પ્રાંગણ<br>રાજકોટ-૨<br>ફોન નં. ૦૨૮૧-૨૪૬૪૦૬૫ | રાજકોટ, જામનગર | ૫-૯-૨૦૧૧<br>૩ થી ૫-૩૦ |
| ૬) | વિકસત, C/o પર્યાવરણ અને સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ<br>પ્રકૃતિઘર, ફ્રુટ માર્કેટની ઉપર, રાજકમલ ચોક પાસે,<br>જિ. અમરેલી-૩૬૫ ૬૦૧<br>ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૦૬૦, ૨૨૭૬૬૪ | અમરેલી, ભાવનગર | ૬-૯-૨૦૧૧<br>૯-૩૦ થી ૧૨ |
| ૭) | વિકસત, C/o જલંદર સર્કીટ હાઉસ,<br>કોન્ફરન્સ હોલ, જિ. દીવ - ૩૬૨૫૨૦<br>ફોન નં.૨૬૮૫૬૨૨૦, ૨૬૮૪૪૯૧૬ | દીવ | ૬-૯-૨૦૧૧<br>૪ થી ૬ |
| ૮) | સોરઠ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન<br>જે.બી. કૉમ્પ્લેક્ષ, બીજા માળે<br>ડૉ. હુમ્મરના દવાખાનાની ઉપર,<br>એસ.ટી બસ સ્ટેન્ડ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧<br>મોબાઇલ ફોન. ૯૪૨૬૨૨૪૯૧૬ | જૂનાગઢ, પોરબંદર | ૭-૯-૨૦૧૧<br>૧૧ થી ૨ |
| ૯) | વિકસત ક્ષેત્રિય કાર્યાલય-ભૂજ<br>C/o આશાપુરા બહુલક્ષીસેવા ચેરીટેબલ ટ્રસ્ટ,<br>B-23, કલ્પતરૂ એપાર્ટમેન્ટ, હોસ્પિટલ રોડ, CGVCL ની સામે<br>ભુજ-૩૭૦ ૦૦૧<br>ફોન ન.: (૦૨૮૩૨) ૨૨૧૭૭૭ | કચ્છ-ભુજ | ૧૨-૯-૨૦૧૧<br>૧૧ થી ૪ |
| ૧૦) | વિકસત ક્ષેત્રિય કાર્યાલય-ભિલોડા<br>ઠે. ગોવિંદનગર, જુની સબ રજીસ્ટારની ઓફિસના મકાનમાં<br>એસ.ટી.સ્ટેન્ડની સામે, મુ. ભિલોડા, જિ. સાબરકાંઠા-૩૮૩ ૨૪૫<br>ફોન નં. (૦૨૭૭૧) ૨૩૩૯૭૦ | સાબરકાંઠા | ૧૨-૯-૨૦૧૧<br>૧૧ થી ૪ |
| ૧૧) | વિકસત ક્ષેત્રિય કાર્યાલય-સતલાસણા<br>લીંમડી ચોક, પશુ દવાખાનાની પાસે,પાણીની ટાંકીની સામે<br>મુ. સતલાસણા, જિ. મહેસાણા-૩૮૪ ૩૩૦<br>ફોન નં. (૦૨૭૬૧) ૨૫૩૧૫૮ | મહેસાણા | ૧૨-૯-૨૦૧૧<br>૧૧ થી ૪ |
| ૧૨) | વિકસત ક્ષેત્રિય કાર્યાલય- રાધનપુર<br>"આરંભ", રમણીકભાઇ સેવકના મકાનમાં,<br>શિવશક્તિ સોસાયટી, મસાલી રોડ<br>મુ. રાધનપુર, જિ. પાટણ ફોન નં. ૦૨૭૪૬-૨૭૬૦૫૮ | પાટણ, બનાસકાંઠા | ૧૨-૯-૨૦૧૧<br>૧૧ થી ૪ |
| ૧૩) | વિકસત, C/o સમન્વય રીસોર્સ સેન્ટર<br>પી.ટી મીરાણી આંખની હોસ્પિટલના ગેટની બાજુમાં<br>મિશન કોલેજ સામે, દાહોદ રોડ, ગોધરા-૩૮૯ ૩૮૦<br>ફોન નં. (૦૨૬૭૨) ૨૬૫૪૪૨ | પંચમહાલ, દાહોદ | ૧૨-૯-૨૦૧૧<br>૧૧ થી ૨ |
| ૧૪) | વિકસત<br>નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ<br>થલતેજ ટેકરા, અમદાવાદ<br>ફોન નં.૨૬૮૫૬૨૨૦, ૨૬૮૪૪૯૧૬ | અમદાવાદ ગ્રામ્ય અને શહેરી<br>વિસ્તાર, આણંદ, વડોદરા<br>ગાંધીનગર, ખેડા | ૧૩ અને ૧૪-૯-૨૦૧૧<br>૧૦-૩૦ થી ૫-૩૦ |

## પરિશિષ્ટ-૨

# રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાનની માર્ગદર્શિકા
## ૨૦૧૧- ૨૦૧૨

## વિષય :  ટકાઉ આજીવિકા માટે વનો

जहां है हरियाली।
वहां है खुशहाली।।

**પર્યાવરણ અને વન મંત્રાલય**
પર્યાવરણ ભવન
સીજીઓ સંકુલ, લોદી રોડ
નવી દિલ્હી ૧૧૦ ૦૦૩

ગુજરાત તથા કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ અને દીવ માટેની રીજીયોનલ રીસોર્સ એજન્સી

**વિકસત**
નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ
થલતેજ ટેકરા, અમદાવાદ ૩૮૦ ૦૫૪
ફોનઃ (૦૭૯) ૨૬૮૫ ૬૨૨૦,  ૨૬૮૪ ૪૯૧૬
ટેલિફેક્સઃ (૦૭૯) ૨૬૮૫ ૨૩૬૦

# રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન ૨૦૧૧-૨૦૧૨
## વિષય : ટકાઉ આજીવિકા માટે વનો

ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા ૧૯૮૬ થી શરૂ કરવામાં આવેલ રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન કાર્યક્રમ આ વર્ષે પણ ચાલુ રાખવામાં આવ્યો છે. આ અભિયાનમાં પસંદ કરવામાં આવેલી કેટલીક બિનસરકારી સંસ્થાઓ, શૈક્ષણિક અને તાલીમ સંસ્થાઓ, વ્યવસાયી મંડળો, વૈજ્ઞાનિક સંસ્થાઓ, સામાજિક સંગઠનો અને વિવિધ પ્રકારની સરકારી સંસ્થાઓને સામેલ કરવામાં આવશે. આ સંસ્થાઓ સ્વયં અથવા અન્ય સંસ્થાઓના સહયોગમાં સ્થાનિક, પ્રાદેશિક અથવા રાષ્ટ્રીય સ્તરે પર્યાવરણ માટે જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમોનું આયોજન કરશે.

રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન ૨૦૧૧-૨૦૧૨નો મુખ્ય વિષય **'ટકાઉ આજીવિકા માટે વનો'** છે. આ વિષય અનુસંધાને જાગૃતિ અભિયાન પ્રવૃત્તિઓનું આયોજન સ્થાનિક અને પ્રાદેશિક જરૂરીયાતને ધ્યાનમાં લઈને નીચે જણાવેલા પેટા મુદ્દાઓને પણ અભિયાનના વિષય તરીકે પસંદ કરી શકાશે.

- વનીકરણ (Afforestation)
- વનનું સંરક્ષણ (Forest Conservation)
- વન અને આબોહવાની સુધારણા ( Forest and Climate Amelioration)
- પાણી માટે વન ( Forest for Water)
- સહભાગી વન વ્યવસ્થા ( Joint Forest Management)
- કૃષિ અને સામાજીક વનીકરણ ( Agro / Social Forestry)
- શહેરમાં અને શહેરની આસપાસ વનીકરણ ( Forestry in Urban & Peri Urban Area)
- પુન: પ્રાપ્ય ઊર્જા (Renewable Energy)
- હરિયાળા ભારત માટેનું અભિયાન (Green India Mission)

ઉપર દર્શાવેલ વિષય એ રાષ્ટ્રીયસ્તરે નક્કી કરવામાં આવેલ છે પણ કોઇ સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ **'ટકાઉ આજીવિકા માટે વનો'** કે તેના પેટા મુદ્દાઓના સંદર્ભમાં કોઇ ખાસ પર્યાવરણીય મુદ્દાઓ અને સમસ્યાઓ હોય તો તેના ઉપર પણ ઝુંબેશમાં ભાર આપી શકાશે

**આ કાર્યક્રમો કેવા હોઈ શકે?**

આ અભિયાન દરમ્યાન હાથ ધરી શકાય તેવી પ્રવૃત્તિઓની એક યાદી ***પરિશિષ્ટ-૧*** માં આપી છે. દેશ, વિશાળ ફલકના એક બીજા સાથે સંલગ્ન હોય તેવા વિવિધ પ્રકારના પર્યાવરણના પ્રશ્નોનો સામનો કરી રહ્યો છે. તે દૃષ્ટિએ સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ આ વર્ષે જાહેર થયેલ વિષયને લગતા પર્યાવરણીય મુદ્દાઓ અને સમસ્યાઓ પર આ ઝુંબેશમાં વધુ ભાર આપવામાં આવશે. રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન કાર્યક્રમમાં બે પ્રકારની પ્રવૃત્તિઓ/કાર્યક્રમો કરવાના છે. (૧) જાગૃતિ અંગેના કાર્યક્રમ (૨) અમલીકરણ માટેની પ્રવૃત્તિ/કામગીરી. રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન હેઠળ વિવિધ સંગઠનોને તેમની કામગીરીમાં મદદરૂપ બનવા માટે મર્યાદિત નાણાંકીય સહાય આપવામાં આવે છે. આ સહાય **રૂ. ૧૦,૦૦૦ થી રૂ. ૩૦,૦૦૦** સુધીની મર્યાદામાં રહેશે. આથી દરખાસ્ત મર્યાદિત બજેટમાં રજૂ કરવાની રહેશે. મર્યાદિત બજેટમાં રજુ ન થયેલ દરખાસ્ત નામંજુર થઇ શકે છે.

**સંસ્થાઓને કાર્યક્રમમાં જોડાવા માટેની ઓછામાં ઓછી લાયકાત**

- સંસ્થાનું ઓછામાં ઓછું ત્રણ વર્ષથી રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઇએ. સરકારી સંસ્થા માટે આ લાગુ પડતું નથી.
- માન્ય ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા સંસ્થાના છેલ્લા ત્રણ વર્ષના નાણાંકિય હિસાબો તપાસેલ હોવા જોઇએ.
- સંસ્થાના મેમોરેન્ડમ ઓફ એસોસિએશનમાં અથવા ટ્રસ્ટ ડીડમાં પર્યાવરણ ક્ષેત્રમાં સંસ્થા કામ કરશે અથવા પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ કરવાનો હેતુ દર્શાવેલા હોવા જોઈએ.

**અભિયાન માટે સહાયરૂપ માળખું**
આ અભિયાનનું આયોજન અને દેખરેખ પર્યાવરણ અને વન મંત્રાલય નવી દિલ્હી દ્વારા કરવામાં આવે છે.
પર્યાવરણ અને વન મંત્રાલયે ૧૯૯૩-૯૪ના વર્ષથી રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન હેઠળ હાથ ધરાતા કાર્યક્રમોના સમગ્ર માળખાને વિકેન્દ્રિત સ્વરૂપ આપ્યું છે. આ અભિયાનના સંકલનની જવાબદારી જે તે વિસ્તારોની રીજીયોનલ રીસોર્સ એજન્સીઓને આપવામાં આવી છે અને આ વર્ષે દેશભરમાં રીજીયોનલ રીસોર્સ એજન્સી તરીકે **૩૪** સંસ્થાઓની નિમણુંક કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય તથા કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ અને દીવની રીજીયોનલ રીસોર્સ એજન્સી તરીકે **વિકસત, નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ, અમદાવાદ**ની નિમણુંક કરવામાં આવી છે.

## કાર્યક્રમમાં કેવી રીતે જોડાવવું? દરખાસ્ત કેવી રીતે કરવી?

૧. સૌ પ્રથમ દરખાસ્ત કરવાનું નિયત ફોર્મ મેળવવું. વિકસતને સંસ્થાના લેટરહેડ ઉપર લેખિત માંગણી કરવાથી વિનામૂલ્યે દરખાસ્તનું ફોર્મ રુબરુ અથવા ટપાલ દ્વારા મેળવી શકાશે. અથવા વિકસતની વેબસાઇટ http://www.viksat.org ઉપરથી ડાઉનલોડ કરીને પણ દરખાસ્ત ફોર્મ મેળવી શકાશે. દરખાસ્ત ફોર્મની ઝેરોક્ષ કોપી કરાવીને પણ ઉપયોગમાં લઇ શકાય છે.

૨. દરખાસ્તના ફોર્મને ધ્યાનથી વાંચવું. દરેક કોલમમાં શું વિગતો લખવી તેનું માર્ગદર્શન દરેક કોલમની સામે જણાવેલ છે.

૩. કાર્યક્રમમાં બે પ્રકારના રાખવાના રહેશે. ૧. જાગૃત્તિ કાર્યક્રમો (દા.ત. શિબિર) ૨. અમલીકરણના કાર્યક્રમો. (દા.ત. વનીકરણ અભિયાન વિગેરે) (વધુ ઉદાહરણ માટે **પરિશિષ્ટ-૧ જુઓ**)

૪. **દરખાસ્ત તૈયાર કરવા માટેનું માર્ગદર્શન મેળવવા માટે વિકસત દ્વારા જે તે જિલ્લાઓ માટે કાર્યશાળાનું આયોજન કરેલ છે. પરિશિષ્ટ-૩માં કાર્યશાળાનું સમયપત્રક અને સ્થળ દર્શાવેલ છે તે મુજબ જેમને દરખાસ્ત તૈયાર કરવા માટે માર્ગદર્શનની જરુર હોય તેઓ સ્વખર્ચે કાર્યશાળાના સ્થળે આવી માર્ગદર્શન મેળવી શકે છે.**

   આપને પ્રાયોજના દરખાસ્ત તૈયાર કરવામાં કઈ મુશ્કેલી લાગે તો જરૂરી દસ્તાવેજો તથા શું પ્રવૃત્તિ કરવા ઈચ્છો છો તે અંગેનો સંપૂર્ણ વિચાર કરીને તમારી સંસ્થા જે જિલ્લામાં કાર્યરત છે તેના આધારે પત્રની પાછળ **(પરિશિષ્ટ-૩)** જણાવેલ સરનામા તથા તારીખ અને સમય દરમિયાન સ્વખર્ચે રૂબરૂમાં સંપર્ક કરી શકશો. જેથી આપને પ્રાયોજના દરખાસ્ત તૈયાર કરવામાં માર્ગદર્શન આપી શકીએ. દરખાસ્ત માટે માત્ર માર્ગદર્શન આપવામાં આવશે, વિગતો આવનાર વ્યક્તિએ પોતે ભરવાની રહેશે. જરૂરી દસ્તાવેજો (**ટ્રુકોપી કરાવીને** ) સાથે લાવવાથી દરખાસ્ત તૈયાર કરીને જે તે સ્થળે આપી પણ શકાશે.

૫. દરખાસ્તમાં બધી વિગતો કાળજીપૂર્વક ભરીને તેની સાથે જરુરી દસ્તાવેજો **ટ્રુકોપી (પ્રમાણિત નકલ) કરાવીને** (૧) ટ્રસ્ટ ડીડ/ મેમોરેન્ડમ ઓફ એશોસિએશનની નકલ (૨) સંસ્થાની નોંધણીનું પ્રમાણપત્ર (૩) છેલ્લા ત્રણ વર્ષના ઑડિટ થયેલા હિસાબો (૪) જો અગાઉ પર્યાવરણ જાગૃતિ અભિયાન કાર્યક્રમમાં ભાગ લીધો હોય તો છેલ્લા ત્રણ વર્ષના નાણાં વપરાશના પ્રમાણપત્રની નકલ જોડીને દરખાસ્ત **તારીખ ૧૫-૯-૨૦૧૧** સુધીમાં વિકસતમાં પહોંચાડવાની રહેશે.

૬. એકથી વધુ જિલ્લાઓમાં કાર્યરત સંસ્થાએ એક જ દરખાસ્ત આપવાની રહેશે. સામાન્ય રીતે સંસ્થાની નોંધણી વાળા જિલ્લા માટે જ કાર્યક્રમનું આયોજન કરવું હિતાવહ છે.

૭. દરખાસ્ત તૈયાર કરી તેની એક ઝેરોક્ષ કરીને તમારી પાસે અવશ્ય રાખવી. જ્યારે દરખાસ્ત મંજુર થાય ત્યારે સંદર્ભ મેળવવા ઉપયોગી થશે.

લાયકાત ધરાવતી સંસ્થાએ નિયત નમૂનામાં તૈયાર કરેલી દરખાસ્ત માત્ર **રીજીયોનલ રીસોર્સ એજન્સીને (વિકસતને)** જ મોકલવાની રહેશે. વધુ માહિતી સ્થાનિક રીજીયોનલ રીસોર્સ એજન્સી પાસેથી મળી રહેશે.

## દરખાસ્તનું વિસ્તૃતીકરણ અને મંજુરી

પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પ્રાદેશિક સમિતિઓની રચના કરવામાં આવે છે. આ સમિતિઓને ફાળવેલ વિસ્તારોની દરેક દરખાસ્તો ચકાસશે અને કાર્યક્રમ માટે કામગીરીની શરતો તથા અનુરૂપ ગ્રાન્ટ નકકી કરશે. સમિતિના નિર્ણય મુજબ મંજુર થનાર એજન્સીને મંજુર કરવામાં આવેલી નાણાંકીય સહાય બે હપ્તામાં (મંજુર થયેલ રકમના ૭૫% નો પ્રથમ હપ્તો અને ૨૫% રકમનો બીજો હપ્તો નાણાં વપરાશનું પ્રમાણપત્ર વિકસતમાં જમા કરાવ્યા પછી ચૂકવવામાં આવશે.)

- ગવર્મેન્ટ ડિપાર્ટમેન્ટ, શૈક્ષણિક તથા સંશોધન સંસ્થાઓએ સંસ્થાના વિભાગીય વડા દ્વારા દરખાસ્ત મોકલવાની રહેશે.
- અરજી કરનાર સંસ્થાએ વન અને પર્યાવરણ મંત્રાલય ના ૨૦૧૦-૨૦૧૧ના વર્ષ દરમ્યાનના રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાનના કાર્યક્રમના તમામ ડોકયુમેન્ટસ તથા વધેલ રકમ સમયસર પરત કરેલ હોવી જોઇએ.
- સંસ્થાઓ પાસેથી મળેલ દરખાસ્તોને ચકાસીને નિયતપત્રકમાં સંક્ષિપ્ત નોંધ તૈયાર કરીને વિશેષ સમિતિની મંજુરી માટે રજૂ કરાશે.

- રીજીઓનલ રિસોર્સ એજન્સીઓ ને મળેલી અરજીઓની વિચારણા માટે વિશેષ સમિતિ મદદરૂપ થશે. અને રીજીયોનલ રિસોર્સ એજન્સીઓએ દરેક સંસ્થાની ક્ષમતા તથા પૂર્વાનુભવ અંગેની માહિતી વિશેષ સમિતિને પૂરી પાડવાની રહેશે.
- જે સંસ્થાઓ એ અગાઉના રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન કાર્યક્રમના નાણાં વપરાશનું પ્રમાણપત્ર , ખર્ચનું સ્ટેટમેન્ટ અને પ્રવૃતિનો રીપોર્ટ જમા ન કરાવેલ હોય કે તેમાં વિલંબ કરેલ હોય તે સંસ્થાની અરજી રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન કાર્યક્રમ ૨૦૧૧-૧૨ માટે મંજુર કરવામાં આવશે નહી.
- આ કાર્યક્રમમાં ભાગ લેનાર સંસ્થાઓ દ્વારા મંજુર થયેલ ગ્રાન્ટની રકમ નો યોગ્ય અને પુરેપુરો વપરાશ થાય તે જોવાની જવાબદારી રીજીયોનલ રિસોર્સ એજન્સીની રહેશે. મંજુર કરેલ રકમ જો પૂરેપૂરી ન વપરાયેલ હોય તો તે રકમ અને જરૂરી ડોકયુમેન્ટસ વિકસતમાં જમા કરવાના રહેશે.

**નાણાં ફાળવણી અને કાર્યક્રમના અમલીકરણનું સમયપત્રક:**

- જે સંસ્થાની દરખાસ્ત મંજુર થયેલ હશે તેઓએ તેમને મંજુર થયેલ ગ્રાન્ટના પ્રથમ હપ્તાના રકમની ફાળવણી સમયે વિકસતમાં નિયત કરેલ સોગંદનામું જમા કરાવવાનું રહેશે. ત્યાર બાદ રિસોર્સ એજન્સી દ્વારા જે નામથી દરખાસ્ત મંજૂર થઈ હશે તેના નામનો સ્થાનિક ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા બેંક ટ્રાન્સફર દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે.
- મંજુર કરવામાં આવેલી ગ્રાન્ટ બે હપ્તામાં (મંજુર થયેલ રકમના ૭૫% રકમ પ્રથમ હપ્તા તરીકે અને બીજો હપ્તો ૨૫ % રકમનો) ચૂકવવામાં આવશે.
- જે સંસ્થાઓની દરખાસ્ત મંજુર થાય તેઓએ અભિયાન અંતર્ગત પ્રવૃતિ કરવાનો સમયગાળો **નવેમ્બર ૩૦, ૨૦૧૧ થી ફેબ્રુઆરી ૨૯, ૨૦૧૨** રહેશે. **ફેબ્રુઆરી ૨૯, ૨૦૧૨** સુધીમાં આ અભિયાન હેઠળના બધા જ પ્રકારના કાર્યક્રમો પૂરા કરવાના રહેશે.
- દરેક કાર્યક્રમ અંગેનો સંપૂર્ણ અહેવાલ, ફોટાઓ અને સમાચાર ની કાપલીઓ તથા નિયતપત્રમાં ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા સહી- સિક્કા કરેલ નિયત ફોરમેટમાં નાણાં વપરાશનું પ્રમાણપત્ર રીજીયોનલ રીસોર્સ એજન્સી, વિકસતને **૧૫ માર્ચ, ૨૦૧૨** સુધી મોકલવાનાં રહેશે.

**કાર્યક્રમમાં ભાગ લેનાર સંસ્થાઓની જવાબદારી.**

- પ્રસાર- પ્રચારના પારંપરિક માધ્યમો (દા.ત : ભવાઇ, કઠપૂતળીનો ખેલ) અને પધ્ધતિઓનો પર્યાવરણ જાગૃતિ માટે ઉપયોગ આવકાર્ય ગણાશે.
- પર્યાવરણના પ્રશ્નો અંગે જાગૃતિ પેદા કરવા ઉપરાંત તેને આધારે કાર્યક્રમ અમલીકરણની દિશામાં કાર્યક્રમ હોવા જોઈએ. આમ છતાં પર્યાવરણ સુધારવા માટે ભૌતિક કામગીરીનો સમાવેશ કરાયો હોય તેવા કાર્યક્રમોને આ ઝુંબેશમાં વિચારણા હેઠળ લેવામાં આવશે નહીં. આવા કાર્યક્રમો અનુવર્તી (ફોલોઅપ) કાર્યક્રમ તરીકે અલગ રીતે હાથ ધરી શકાય.
- સાધનો તથા અન્ય સ્થાયી કે જંગમ મીલકતની ખરીદી આ પ્રોજેક્ટના બજેટમાંથી કરી શકાશે નહી અને તે માટે મંત્રાલય તરફથી નાણાંકીય સહાય મળશે નહીં.
- આ પ્રોજેકટમાં કોઇ સાધન- સામગ્રીની ખરીદી, ભોજન સમારંભ, મંડપ ડેકોરેશન, વિડીયોગ્રાફી તથા સંસ્થાના કાર્યકરના કોઇ પણ પગાર- ભથ્થાંનો ખર્ચ મંજુર કરવામાં આવશે નહીં.
- જે પ્રોજેક્ટમાં એકથી વધુ સંસ્થાઓ સંયુક્તપણે સામેલ થઈ હોય અને સ્થાનિક તંત્ર અને એજન્સીઓનો અગાઉથી સહયોગ મેળવી શકાતો હોય તેવા પ્રોજેક્ટને વિશેષ અગ્રીમતા આપી મંજુરી અર્થે વિચારણા કરવામાં આવશે.
- દરેક સંસ્થાએ કાર્યક્રમ કરતા પહેલા કાર્યક્રમોની તારીખ, સ્થળ અને અન્ય જરુરી વિગતોની જાણકારી અંગે અગાઉથી **(ઓછામાં ઓછા બે સપ્તાહ અગાઉ)** વિકસતને લેખિતમાં આપવાની રહેશે. જે આવી જાણકારી આપવામાં નિષ્ફળ જશે તેમને આવતા વર્ષે આ કાર્યક્રમમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં.
- કાર્યક્રમ અંગેનો સંપૂર્ણ અહેવાલ, ફોટાઓ અને સમાચારની કાપલીઓ તથા ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા સહી- સિક્કા કરેલ નાણાવપરાશનું પ્રમાણપત્ર **(નિયત કરેલ પત્રકમાં)** વિકસતને મોડામાં મોડા **૧૫ માર્ચ, ૨૦૧૨** સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાનો રહેશે.

---

**બુક પોસ્ટ**

To

______________________________

______________________________

______________________________

______________________________

From : **વિકસત**

નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ, થલતેજ ટેકરા, અમદાવાદ ૩૮૦ ૦૫૪

ફોન:૦૭૯-૨૬૮૫૬૨૨૦, ૨૬૮૪૪૯૧૬, email: viksat.neac@gmail.com; viksat@gmail.com

FOR OFFICE USE ONLY

માત્ર ઓફિસ ઉપયોગ માટે

| Date Recd.<br>મળ્યા તા. | Batch & Sl. No.<br>ક્રમ | Name & State<br>નામ અને રાજ્ય | Status<br>દરજ્જો |
|---|---|---|---|
| | | | |

# NATIONAL ENVIRONMENT AWARENESS CAMPAIGN 2011-2012

## રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન ૨૦૧૧-૨૦૧૨

**Theme : 'FORESTS FOR SUSTAINABLE LIVELIHOOD'**

**વિષય: "ટકાઉ આજીવિકા માટે વનો"**

जहां है हरियाली।
वहां है खुशहाली।।

# PROJECT PROPOSAL

## પ્રોજેક્ટની દરખાસ્ત

Proforma with supporting documents may be sent to the VIKSAT, Regional Resource Agency **on or before September 15, 2011** at the following address.

વિકસત, રિજિયોનલ રિસોર્સ એજન્સીને **૧૫ સપ્ટેમ્બર ૨૦૧૧ અથવા એનાથી પહેલા** નીચેના સરનામે જરૂરી દસ્તાવેજો સહિત દરખાસ્ત મોકલી આપવાની રહેશે.

Application form can be downloaded from www.viksat.org.
This form is free of cost and photocopy of the same can be used.
The participating organization should keep a photo copy of the proposal.

**આ ફોર્મ વિકસતની વેબસાઈટ www.viksat.org ઉપરથી મેળવી શકાશે.**
**આ ફોર્મ વિના મૂલ્યે આપવામાં આવશે અને આ ફોર્મની ઝેરોક્ષ કરી શકાશે.**
**આ દરખાસ્ત ભરીને તેની ફોટોકોપી કરાવીને તમારી પાસે ઓફિસ કોપી તરીકે રાખવી.**

**વિકસત**
નહેરુ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ
થલતેજ ટેકરા, અમદાવાદ ૩૮૦ ૦૫૪
**ફોન. :** (૦૭૯) ૨૬૮૫ ૬૨૨૦, ૨૬૮૪ ૪૯૧૬
**ફેક્સ :** (૦૭૯) ૨૬૮૫૨૩૬૦
e-mail : viksat.neac@gmail.com, viksat@gmail.com
**Web:** www.viksat.org

**VIKSAT**
Nehru Foundation for Development
Thaltej Tekra, AHMEDABAD 380 054
Phone: (079) 2685 6220, 2684 4916
Fax : (079)-2685 2360
e-mail : viksat.neac@gmail.com, viksat@gmail.com
**Web:** www.viksat.org

## INSTRUCTIONS FOR COMPLETING THE OPPOSITE PAGE
## સામેનું પાનું ભરવા માટેની નોંધ

1. **PROJECT TITLE :** Please make it short and precise, indicating clearly the nature of project.
૧. **પ્રોજેક્ટનું શીર્ષકઃ** પ્રોજેક્ટનું શીર્ષક ટૂંકુ અને તેના સ્વરૂપનો સ્પષ્ટ ખ્યાલ આવે તે રીતે લખો.

2. **PARTICIPATING ORGANIZATION :**
૨. **ભાગ લેનારી સંસ્થા :**

a. **NAME & ADDRESS :** Give full name, Office address, Telephone No, Fax, Email.id
અ. **નામ સરનામુઃ** ઓફિસનું પૂરું નામ અને સરનામું, ટેલિફોન નંબર સહિત લખો જો ફેક્સ, ઇ-મેઈલ હોય તો તેની વિગતો જણાવો.

b **NATURE OF AGENCY :** Indicate status of organisation, whether a government institution, registered/ unregistered society / trust, university department/ school/ college, non-formal group, or any other category (please specify)
બ. **સંસ્થાનું સ્વરૂપઃ** સંસ્થાનો દરજ્જો દર્શાવો, જેમ કે, તે સરકારી સંસ્થા, રજીસ્ટર્ડ / અનરજીસ્ટર્ડ સોસાયટી / ટ્રસ્ટ, યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ / શાળા કોલેજ / અનૌપચારિક સંસ્થા / અન્ય કયા પ્રકારનું સંગઠન છે તે લખો.

**Please furnish registration details along with an attested copy of Registration Certificate Memorandum of Association / Trust Deed, etc. and audited statement of accounts for last Three financial years even if this has been done in earlier years. Attested has to be done by Gazetted Officer.** The project proposal will be considered only after the receipt of these documents.These documents need to be submittted in respect of non - government, academic and research institutions also.
રજીસ્ટ્રેશનની વિગતો (ગઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત કરીને ) મેમોરેન્ડમ ઓફ એસોસિએશન/ટ્રસ્ટ ડીડ અને છેલ્લાં ત્રણ વર્ષના ઓડિટેડ નાણાંકીય હિસાબના પત્રકો અગાઉ મોકલેલ હોય તો પણ સામેલ કરવા. પ્રોજેક્ટની દરખાસ્ત સાથે આ દસ્તાવેજો જોડ્યા હશે તો જ દરખાસ્ત વિચારણામાં લેવાશે. આ દસ્તાવેજો સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, તેમ જ સંશોધક સંસ્થાઓએ પણ આપવાના રહેશે.

3. **CONTACT PERSON (S) :** Give name(s), office and home address(es) telephone, Mobile No. & fax, email or telex no. of person(s) who can be contacted in connection with this project.
૩. **સંપર્ક માટે વ્યક્તિઃ** આ પ્રોજેક્ટ માટે જેનો સંપર્ક કરી શકાય તેનું નામ તથા ઓફિસ અને ઘરનું સરનામુ લખો. જો ટેલિફોન, મોબાઈલ ફોન નંબર, ફેક્સ, ઇમેઈલ અને ટેલેક્સ નંબર હોય તો તે જરૂરથી લખો.

4. **COLLABORATING AGENCIES:** Give name(s) of local authorities, organizations, government departments, etc. that will support the project or collaborate. Prior approval of such collaborating agencies should be obtained before listing them here. Proof of the consent of such agencies shall be attached.
૪. **સહભાગી સંસ્થાઓઃ** સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, સંગઠનો, સરકારી વિભાગો જે સહાય આપતા હોય કે સહભાગી હોય તેમનાં નામ લખો, નામ લખતાં અગાઉ આ સંસ્થાઓની મંજૂરી લેવી જરૂરી છે. સહભાગી સંસ્થાઓની મંજૂરીના પુરાવા આ સાથે બિડવા.

**1. PROJECT TITLE:**

**૧. પ્રોજેક્ટનું શીર્ષક :**

**2. PARTICIPATING ORGANIZATION:**

**૨. ભાગ લેનારી સંસ્થા :**

a. NAME AND ADDRESS

અ. નામ : ____________________

સરનામું : ____________________

ગામ: __________ જીલ્લો: __________

પીન કોડ નંબર : __________

ટેલિફોન નંબર (એસ.ટી.ડી.કોડ સાથે): __________ ઘર : __________

ઓફિસ : ____________________

મોબાઈલ નં. : ____________________

ઈ-મેઈલ ID : ____________________

b. NATURE OF AGENCY :

REGISTERED UNDER WHICH ACT :

YEAR OF REGISTRATION :

બ. સંસ્થાનું સ્વરૂપ :

ક્યા કાયદા હેઠળ નોંધાયેલી છે ? :

નોંધણીનું વર્ષ :

**3. CONTACT PERSONS :**

**૩. પ્રોજેક્ટ માટે સંપર્ક કરી શકાય તેવી વ્યક્તિનું નામ સરનામું :**

NAME AND ADDRESS

નામ : ____________________

સરનામું : ____________________

ગામ: __________ જીલ્લો: __________

પીન કોડ નંબર : __________

ટેલિફોન નંબર (એસ.ટી.ડી.કોડ સાથે): __________ ઘર: __________

ઓફિસ : ____________________

મોબાઈલ નં. : ____________________

ઈ-મેઈલ ID : ____________________

**4. COLLABORATING SUPPORTING AGENCIES :**

**૪. સહભાગી સંસ્થાઓ :** ____________________

Name and Address: ____________________

નામ અને સરનામું : ____________________

**INSTRUCTIONS FOR COMPLETING THE OPPOSITE PAGE**
**સામેનું પાનું ભરવા માટેની નોંધ**

**5. PROJECT DETAILS**
**૫. પ્રોજેકટની વિગત**

**a. TYPE OF PROJECT :** Indicate clearly and separately the awareness activities and the action component that the proejct would involve:
**અ. પ્રોજેક્ટનો પ્રકાર:** પ્રોજેક્ટ હેઠળ હાથ ધરાનારી પ્રવૃત્તિ સ્પષ્ટપણે લખો.
૧. જાગૃતિને લગતા કાર્યક્રમો / AWARENESS COMPONENT :
૨. અમલીકરણના કાર્યક્રમો / ACTION COMPONENT :

**1 AWARENESS COMPONENT**
***૧. જાગૃતિને લગતા કાર્યક્રમો*** :

- workshop /training course / camp
  કાર્યશિબિર / તાલીમ કાર્યક્રમ / શિબિર
- public meeting / rally / jatha / padayatra
  જાહેર સભા / રેલી / જાથા / પદયાત્રા
- lecture / film show / a-v show
  પ્રવચન / ફિલ્મ શૉ / દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ
- drama / street play / other folk media (specify)
  નાટક / શેરી નાટક / અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ (સ્પષ્ટ દર્શાવો)
- competition / exhibition / demonstration
  સ્પર્ધા / પ્રદર્શન / નિદર્શન
- advertisement / poster / banner campaign
  વિજ્ઞાપન / પોસ્ટર / બેનર ઝુંબેશ
- preparation and use / distribution of resource material regarding your project (publication, educational kits, posters, audio visuals, etc.)

  પ્રોજેક્ટના વિષય અંગેનું સંદર્ભ સાહિત્ય તૈયાર કરવું અને વહેંચવું (પ્રકાશન, શૈક્ષણિક સંપુટ, પોસ્ટર, દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમો)
- other (specify) - અન્ય (સ્પષ્ટ જણાવો)

**2 ACTION COMPONENT :** The **action component** should be related to the theme of the proposal and should preferably involve the local community. The action component could include:Plantation, Energy conservation, Use of wind and solar energy i.e. solar cookers and heaters, biodiversity Register,alternatives to chemical pesticides and bio-pesticides,Cleaning of Water bodies, Cleaning & maitaining of forest area. (Please refer annexure-1)

***૨. અમલીકરણના કાર્યક્રમ:*** અમલીકરણની પ્રવૃતિ, વિષયને અનુરૂપ પસંદ કરીને દરખાસ્તની અંદર દર્શાવવી. દા.ત. વૃક્ષારોપણ, પવન ઊર્જા તથા સૂર્ય ઊર્જા નો વપરાશ દા.ત. સોલર કકુર અને સોલર હિટર, વિગેરે તમારી દરખાસ્તના વિષયને અનુરૂપ પ્રવૃતિઓ પસંદ કરવી. અહીયાં માત્ર ઉદાહરણ આપેલ છે ( **વધુ વિગતો માટે પરિશિષ્ટ-૧ જુઓ**).

**b. THEME (S) :** Describe the specific subjects of environmental concern that the project would address : Please take help from **ANNEXURE-II Page.2**
**બ. વિષયોઃ** આ વર્ષના અભિયાન માટે જે વિષય નક્કી થયેલા હોય તે સાથે સંબંધિત હોય તેવા પ્રોજેક્ટનો વિષય લખોઃ આ માટે **દરખાસ્ત માર્ગદર્શિકા ના પાના નં.-૨ (પરિશિષ્ટ-૨)** ની મદદ લો.

**c. TARGET GROUPS :** Please indicate the section of society the project is aimed at and the approximate number of people expected to be covered by the activities, Please use **ANNEXURE-I** for help.
**ક. લક્ષ્ય જૂથ:** જે જૂથ માટે પ્રોજેક્ટ હાથ ધરવાનો હોય તેનું નામ લખો. આ કાર્યક્રમ હેઠળ આવરી લેવાતા લક્ષ્યજૂથની સંખ્યા લખો. આ માટે **પરિશિષ્ટ-૧** ની મદદ લો.

**d. LOCATION :** Indicate proposed venues for each of the project activities.
**ડ. સ્થળ:** પ્રોજેક્ટની કામગીરી જ્યાં જ્યાં હાથ ધરવાની હોય તે સ્થળનાં નામ લખો.

**e. DATES AND DURATION:** Indicate tentative schedule of each activity proposed, at each location.
**ઇ. તારીખ અને સમય ગાળો:** યોજવામાં આવનાર કાર્યક્રમની તારીખ અને સમયની રૂપરેખા તથા માહિતી આપો. જરૂર લાગે તો વધારાનો કાગળ ઉપયોગમાં લેશો

**5. PROJECT DETAILS**

**૫. પ્રોજેક્ટની વિગત**

a. TYPE OF PROJECT :

અ. પ્રોજેક્ટનો પ્રકારઃ

1. AWARENESS CAMPAIGN COMPONENT :

૧. જાગૃતિ માટેના કાર્યક્રમો :

2. ACTION COMPONENT :

૨. અમલીકરણના કાર્યક્રમો :

b. THEME (S) :

બ. વિષયોઃ જે વિષયને કેન્દ્રમાં રાખી પ્રોજેક્ટ હાથ ધરવો હોય તે લખો.

c. TARGET GROUPS & APPROX. NUMBER OF PARTICIPANTS :

ક. લક્ષ્ય જૂથ અને તેની અંદાજીત સંખ્યાઃ

d. LOCATION(S):

ડ. સ્થળઃ (જાગૃતિ અને અમલીકરણ માટેના દરેક કાર્યક્રમનું ચોક્કસ સ્થળ લખો.)

e. DATE(S) AND DURATION:

ઇ. તારીખ અને સમયઃ (દરેક કાર્યક્રમના સ્થળ માટે અલગ ઉલ્લેખ કરો.)

| પ્રવૃત્તિ | સ્થળ | તારીખ | સમય |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

## NOTES FOR COMPLETING THE OPPOSITE PAGE
## સામેનું પાનું ભરવા માટેની નોંધ

**6. JUSTIFICATION:** Describe the objective of the project. Indicate what environmental awareness benefits it aims to bring about.

**૬. પ્રોજેક્ટ હાથ ધરવાનું કારણઃ** પ્રોજેક્ટનો હેતુ દર્શાવો અને એ દ્વારા પર્યાવરણના ફાયદામાં કેવા પ્રકારની જાગૃતિ હાંસલ થશે તે જણાવો.

**7. SUCCESS INDICATORS :** Specify clearly how the achievements of the project can be determined after its completion. Sucess Indicators could be like the number of participants who have introduced solar cookers and heaters, taken up vermicomposting, number of water bodies / tanks clean, number of participants who have taken up plantation subsequent to the Awareness Campaign etc.

**૭. સફળતાના નિર્દેશાંકોઃ** પ્રોજેક્ટ પૂરો થયા પછી પ્રોજેક્ટની સિદ્ધિઓ કઈ રીતે જાણી શકાશે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરો. સફળતાના માપદંડોમાં કાર્યક્રમમાં ભાગ લીધા પછી કેટલી વ્યક્તિઓએ મેળવેલી માહિતી- જાણકારીનો ઉપયોગ અમલીકરણ કરીને કર્યો ? સૂર્યકૂકર અને સૌરઊર્જાથી પાણીગરમ કરવાના યંત્રનો ઉપયોગ શરુ કર્યો, કેટલા લોકો વર્મીકંમ્પોસ્ટ વાપરતા થયા, કેટલા પાણીના સ્ત્રોતો તથા તળાવોની સફાઇ થઇ, કેટલા લોકોએ કાર્યક્રમમાં ભાગ લીધા પછી કેટલા વૃક્ષો વાવ્યા વિગેરેની સંખ્યા જણાવવાથી કાર્યક્રમની સફળતાનો અંદાજ કાઢી શકાય.

**8. PLAN OF IMPLEMENTATION :** Provide a breakup of the stages in the implementation of the project, indicating clearly the time-frame for each phase.

**૮. અમલીકરણનું આયોજનઃ** પ્રોજેક્ટના અમલીકરણનું તબક્કાવાર આયોજન દર્શાવો.

**9. FOLLOW UP :** Please describe what activities are planned as a follow up, to keep up the impact created by this project. Will your organisation be able to support such follow up activity on its own?

**૯. અનુવર્તી કામગીરીઃ** પ્રોજેક્ટના અમલ પછી પ્રોજેક્ટની અસર જળવાઈ રહે તે હેતુથી કેવી પ્રવૃત્તિ હાથ ધરશો તે દર્શાવો. શું તમારું સંગઠન સ્વયં આ પ્રકારના અનુવર્તી કાર્યક્રમને સહાય કરી શકશે.

**10. PAST EXPERIENCE:** Please indicate whether you have participated in NEAC in the past. If yes, mention the years in which participated along with the grant sanctioned in each year. Also mention whether necessary documents like Utilization Certificate, Report of Activities and Statement of Accounts were submited or not and it is necessary to attach the photocopy of the Utilization certificate.

**૧૦. પૂર્વ અનુભવઃ** અગાઉ રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાનમાં ભાગ લીધો છે કે કેમ તે દર્શાવો. જો ભાગ લીધો હોય તો કયા વર્ષમાં અને કેટલી ગ્રાન્ટ મંજૂર થઈ હતી તે દર્શાવો. નાણાં વપરાશનું પ્રમાણપત્ર, કામગીરીનો અહેવાલ અને હિસાબી પત્રક રજૂ કર્યા છે કે નહીં તે દર્શાવો. તથા આ અગાઉના બધા જ કાર્યક્રમના નાણાં વપરાશ પ્રમાણપત્રોની ફોટો કોપી (ઝેરોક્ષ) દરખાસ્ત સાથે જોડવી જરૂરી છે.

**6. JUSTIFICATION :**

**૬. પ્રોજેક્ટ હાથ ધરવાનો ઉદ્દેશઃ**

**7. SUCCESS INDICATORS :**

**૭. સફળતાના નિર્દેશાંકોઃ** (સફળતા કઈ રીતે જાણી શકાય તે પણ દર્શાવો)

**8. PLAN OF IMPLEMENTATION :**

**૮. અમલીકરણનું તબક્કા મુજબ આયોજનઃ**

**9. FOLLOW UP :**

**૯. અનુવર્તી કામગીરીઃ** (યોજનાની અસર જાળવી રાખવા પ્રોજેક્ટના અમલીકરણ પછીનો કાર્યક્રમ શું તમારી સંસ્થા કરી શકશે?)

10. **PAST EXPERIENCE OF PARTICIPATING IN NATIONAL ENVIRONMENT AWARENESS CAMPAIGN:(NEAC)**

**૧૦. પૂર્વ અનુભવઃ** આ અગાઉ રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાનમાં સામેલ થયાનો અનુભવ છે? હા, તો નીચેના કોઠામાં વિગત દર્શાવો.

| ક્રમ | ગ્રાન્ટ મળ્યાનું વર્ષ | મંજુર થયેલ ગ્રાન્ટની રકમ | નીચે જણાવેલ દસ્તાવેજો વિકસતમાં જમા કરાવેલ છે? | |
|---|---|---|---|---|
| | | | નાણાં વપરાશનું પ્રમાણપત્ર | કાર્યક્રમનો અહેવાલ |
| 1 | 2007 - 08 | | | |
| 2 | 2008 - 09 | | | |
| 3 | 2009 - 10 | | | |
| 4 | 2010 - 11 | | | |

## NOTES FOR COMPLETING THE OPPOSITE PAGE
## સામેનું પાનું ભરવા માટેની નોંધ

**11. RESOURCES TO BE PROVIDED BY THE IMPLEMENTING AGENCY :** Indicate what kind of facilities will be available with your organization for this project :

**૧૧. કાર્યક્રમનો અમલ કરનાર સંસ્થા દ્વારા આપવામાં આવનારા સાધનોઃ** તમારી સંસ્થામાંથી આ પ્રોજેક્ટ માટે કઈ સુવિધા મળી રહેશે તે દર્શાવો.

- material and equipment
  સાધનો અને સામગ્રી
- financial : whether other sources of funding are available for the project ; indicate quantum of funds available
  નાણાંકીય : પ્રોજેક્ટ માટે અન્ય સહાય મળી રહેશે? પ્રાપ્ય ભંડોળનો ઉલ્લેખ કરો.
- resource person and manpower
  નિષ્ણાંત વ્યક્તિઓ અને માનવશક્તિ

**12. BUDGET :** Please provide detailed break-up of estimated expenditure for each item of activities inrespect of the awareness creation and action component separately and furnish self explanatory notes here necessary.The break-up should include details of expenditure to be spent on preparation and distribution of Resource Material.Conveyance and travel, food/refreshments, honorarium etc. Since the activties under action component will be based on ***Shram Dan*** Concept, no funds will be provided for payment of cost of hired labour.

**૧૨. અંદાજ પત્ર :** દરેક પ્રવૃત્તિમાં કેટલો ખર્ચ થશે તે વિગતવાર જણાવો જ્યાં જરૂર હોય ત્યાં સ્પષ્ટતા કરતી નોંધ લખો.
- બ્રેક-અપમાં ખર્ચની વિગત, સંદર્ભ સાહિત્ય વિતરણનો ખર્ચ, ચ્હા-પાણી તથા નાસ્તા માટેનો ખર્ચ, પ્રવાસ-મુસાફરી ખર્ચ, વિષય નિષ્ણાંતને માનદ પુરસ્કાર વિગેરે જેવા દરેક ખર્ચ દર્શાવવા.
- અમલીકરણ પ્રવૃત્તિઓ શ્રમદાનના પ્રકારમાં હોવી જોઈએ, અમલીકરણ પ્રવૃત્તિઓ માટે મજૂરી, સાધન, માલ-સામગ્રી વિગેરે ખર્ચ પેટે કોઈ નાણાં મંજુર કરવામાં આવશે નહીં.

**13. BANK Details:** Cheque/Demand Draft will be made in favour of the application made as mentioned in the application form. Please provide information as mentioned in the opposite page.

**૧૩. બેંકની માહિતીઃ** જે નામથી આપે દરખાસ્ત કરી હશે તે જ નામનો ચેક કે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા મંજુર થયેલ ગ્રાન્ટની રકમ ની ચૂકવણી કરવામાં આવશે. તે ઉપરાંત અમારા પ્રોજેક્ટના બેંકખાતામાંથી સીધા જ આપના ખાતામાં ગ્રાન્ટની રકમ ફાળવી શકાય તે માટે સામે દર્શાવેલ કોલમની વિગતો જણાવશો.

**11. RSOURCES TO BE PROVIDED BY THE IMPLEMENTING AGENCY :**

**૧૧. કાર્યક્રમનો અમલ કરનાર સંસ્થા દ્વારા (આર્થિક, સાધન-સામગ્રી કે અન્ય) આ પ્રોજેક્ટ માટે મળનારી સહાયની વિગતો આપોઃ**

**12. BUDGET :**

**૧૨. અંદાજ પત્ર :** (દરેક જાગૃતિ કાર્યક્રમ અને અમલીકરણ પ્રવૃત્તિનું વિગતવાર બજેટ અલગથી આપવું. **જરૂર પડે તો અલગ કાગળ ઉપર વિગતો આપો)**

| (A) Awareness Component :<br>(અ) જાગૃતિ કાર્યક્રમ માટેનું બજેટ | | (B) Action Component :<br>(બ) અમલીકરણ માટેનું બજેટ | |
|---|---|---|---|
| **ખર્ચની વિગત** | **અંદાજીત રકમ** | **ખર્ચની વિગત** | **અંદાજીત રકમ** |
| | | | |
| કુલ બજેટ | | કુલ બજેટ | |

Total Budget / કુલ બજેટ A/અ ................................+ B/બ .................. = ......................................

Total Funds Requested/માંગવામાં આવેલું કુલ ભંડોળ Rs.(રૂા.)......................................

Rs. In words/રૂા. શબ્દોમાં.....................................................................................................

**13. NAME OF THE BANK / બેંકની વિગતોઃ**

- Bank Name/બેંકનું નામ :______________________________
- Branch/શાખા: ______________________________
- Account Name/ખાતાનું નામ:______________________________
- Account No/ખાતા નંબર: ☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐
- Type of Account / ખાતાનો પ્રકાર: ______________________________
- IFSC/RTGS Code : ______________________________

Date :
તારીખ :

Signature with seal of Organization
સંસ્થાના વડાની સહી તથા સિક્કો

**ANNEXURE-1**
**પરિશિષ્ટ - ૧**

## NATIONAL ENVIRONMENT AWARENESS CAMPAIGN 2011-2012

### Theme : 'FORESTS FOR SUSTAINABLE LIVELIHOOD '

## રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન ૨૦૧૧-૨૦૧૨

### વિષય : "ટકાઉ આજીવિકા માટે વનો"

***Only Educational Institute will keep students as the target group. Educational institute will keep their own students as the target group.***
***શૈક્ષણિક સંસ્થા સિવાય કોઈપણ સંસ્થાએ કાર્યક્રમ માટે લક્ષ્ય જૂથ તરીકે વિદ્યાર્થીઓને પસંદ કરવા નહીં. શૈક્ષણિક સંસ્થાએ લક્ષ્ય જૂથ તરીકે પોતાની જ શાળાના વિદ્યાર્થીઓ રાખવાના રહેશે.***

| TARGET GROUPS<br>લક્ષ્ય જૂથ | AWARENESS ACTIVITIES<br>જાગૃતિના કાર્યક્રમો | ACTION COMPONENT<br>અમલીકરણની પ્રવૃત્તિઓ |
|---|---|---|
| Students/Youth<br>વિદ્યાર્થીઓ/ યુવકો | Seminar / Workshop / Training course<br>પરિસંવાદ / કાર્યશાળા / તાલીમ કાર્યક્રમ | Cleaning of water bodies, plantation, plantation of Local medicinal plant species, initiating seed bank, collection, preparation of biodiversity registers at local level.<br>વૃક્ષોનું વાવેતર, વન આધારિત બીજબેંકની સ્થાપના, સ્થાનિક ઔષધિય વનસ્પતિઓનું વાવેતર, " જૈવિક વિવિધતા નોંધણી રજીસ્ટર" તૈયાર કરવા, જૈવિક કિટનિયંત્રક દવાઓના વૈકલ્પિક ઉપયોગોનું નિદર્શન, આરક્ષિત પાણીના સંગ્રહસ્થાનો (સ્ત્રોતો) અને જંગલોની સફાઈ, બિનપરંપરાગત ઊર્જાસ્ત્રોતના સાધનોનું નિદર્શન, પાંખા થયેલા જંગલ વિસ્તારોમાં વૃક્ષોની સ્થાનિક જાતોનું વાવેતર કરવું, પડતર જમીન, ખરાબો, ગૌચર જમીન ઉપર વનીકરણ કરવું. |
| Teachers<br>શિક્ષકો | Camp/Padyatra/Rally/Public Meeting<br>શિબિર / પદયાત્રા / રેલી / જાહેરસભા | |
| Women<br>મહિલાઓ | Exhibition / Competition<br>પ્રદર્શન / સ્પર્ધા | |
| NGOs / Voluntary workers<br>બીન સરકારી સંસ્થાઓ/ સ્વયં સેવકો | Demonstration Project<br>નિદર્શન પ્રોજેક્ટ | |
| Farmers/ Rural Population<br>ખેડૂતો / ગ્રામ્ય પ્રજા | Preparation of Educational Resource Material<br>શૈક્ષણિક સંદર્ભ સામગ્રી તૈયાર કરવી | |
| General Public<br>સામાન્ય પ્રજા | Folk media/Street play/ Puppet show<br>લોકકલા દ્વારા પ્રચાર પ્રસાર/શેરી નાટકો/ કઠપુતળી નો ખેલ | |
| Social Workers<br>સામાજિક કાર્યકરો | Festivals<br>ઉત્સવો | |
| Armed forces personnel<br>સશસ્ત્ર દળોના કર્મચારીઓ | Mahila Fairs/ Child Fairs/Science Fairs<br>મહિલા મેળો / બાળ મેળા / વિજ્ઞાન મેળો | |
| Industrial Workers<br>ઔદ્યોગિક કામદારો | Use of CD-Rom & other Multi-media tools.<br>સીડીરોમ અને અન્ય મલ્ટીમીડિયા સાધનોનો ઉપયોગ કરી શકાય. | |

While the above activities could be used for creation of awarencess, the proposal **must** also include an action oriented component relevant to the issue identified which would result in concrete action preferably involving local people, and in benefiting the community. **Proposals without Action Component would not be considered for assistance.**

ઉપરોક્ત પ્રવૃત્તિઓ જનસમુદાયમાં પર્યાવરણ અંગેની જાગૃતિ પેદા કરવામાં ઉપયોગી થશે. દરખાસ્તમાં જાગૃતિને આધારે પ્રશ્નના ઉકેલ માટેની કોઈ ચોક્કસ પ્રવૃત્તિ હાથ ધરવા માટેનું પણ આયોજન રજુ કરશો અને આ પ્રવૃત્તિમાં સ્થાનિક સમુદાયના લોકોને સામેલ કરી તે પ્રવૃત્તિથી તેમને ફાયદો થવો જોઈએ તેવું આયોજન કરશો. **અમલીકરણની પ્રવૃત્તિ વગરની દરખાસ્ત મંજુર કરવામાં આવશે નહીં.**